

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*આપી સમજ 'અનુકૂલન'ની, આભાર ! કોરોના...*
*આવ્યો કાપ જરૂરિયાતો પર આભાર ! કોરોના...*
*બનાવી જિંદગીને નિયમિત, આભાર ! કોરોના...*
*બનાવી દીધું મૃત્યુને સહજ, આભાર ! કોરોના...*

**હાઈકુ**

*સૌને વાત્સલ્ય,*
*મળ્યું દાંપત્ય સુખ!*
*ભજન-ભક્તિ...*
*(આભાર - કોરોના)*

*પતિ હાજર -*
*રહી ન ફરિયાદ -*
*સ્રીને નિરાંત*
*(આભાર - કોરોના)*

### ચિંતન

***નાના આશ્ચર્યં ઈદં વિશ્વં ન કિંચિત્ ઈતિ નિશ્ચયી ।***
***નિર્વાસનઃ સ્ફૂર્તિ માત્રઃ ન કિંચિત્ ઈવ શામ્યતિ ॥***

**ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્ર ગીતામાંથી લેવામાં આવેલ છે.**

**અનેક વિધ આશ્ચર્યવાળુ આ વિશ્વ કાંઈ જ નથી, મિથ્યા છે, એમ જે નિશ્ચયપૂર્વક જાણે છે તે વાસનારહિત, જ્ઞાનસ્વરુપ જ્ઞાની, જાણે કંઈ છે જ નહીં, તેમ શાંતિ પામે છે.**

**જેને વિશ્વ માયા જ લાગે છે એને પછી કોઈ વાસના પણ હોતી નથી. તેથી જ અહીં કહેવાયું છે કે અનેક આશ્ચર્યોથી ભરેલું આ વિશ્વ મિથ્યા છે, એમ જેણે નિશ્ચયથી જાણ્યું છે, તેને કોઈ વાસના રહેતી નથી. એ સ્વયં માત્ર જ્ઞાનસ્વરુપ, ચૈતન્ય સ્વરુપ જ બની રહે છે ને જાણે કંઈ છે જ નહીં, એ ભાવથી શાંત જ રહે છે. જ્યાં સુધી મનમાં વાસના છે, ઈચ્છા છે, આશા-અપેક્ષા છે, ત્યાં સુધી આ સંસાર છે. જગત છે વિશ્વ છે. પણ જ્યાં વાસના નથી ત્યાં પછી કાંઈ જ નથી. જ્યાં અભેદભાવ આવી જાય છે, ત્યાં પછી આ કે તે રહેતું જ નથી. ત્યાં તો પછી બસ ચિદાનંદ રુપઃ શિવોઽહમ્ શિવોઽહમ્ ॥**

### સુવિચાર

- પરિશુદ્ધ અંતઃકરણ એ મંદિરનું એવું પવિત્ર ગર્ભગૃહ છે જયાં ઈશ્વર એકલો જ ન્યાયાધીશ તરીકે બિરાજી શકે છે **- સંત રોબિન**
- સાધુ કોને કહેવાય જેના ક્રોધ-માન, માયા-લોભ કંટ્રોલેબલ (સંયમિત) હોય, એના ક્રોધ માયા-માન-લોભ કોઈનેય હરકત ના કરે એવાં હોય **- આપ્તસૂત્ર**
- દઢવ્રતો એ કમાડ છે, એ કમાડ વડે હિંસાના દ્વાર બંધ કરો **- મહાવીર**
- જયારે દષ્ટિ દષ્ટ્રામાં પડે ત્યારે આત્મજ્ઞાની કહેવાય અને જ્ઞાન જ્ઞાતાની મહીં પડી જાય એટલે નિર્વિકલ્પ થઈ જવાય **- ડો. નીરુબહેન અમીન**
- કણ કણ નો માણસ હું ને તું દુનિયાનો દાતાર રે હું શું માગું **- સુંદરજી બેટાઈ**
- મારી વાણી સત્ય વ્યવહાર કરવાને શક્તિમાન થાઓ ! **- યજુર્વેદ**
- આજનું ઔષધ : પેશાબમાં દાહ થતો હોય, કે અટકી અટકીને પેશાભ થતો હોય તો અઠવાડિયામાં એકવાર કળથીની દાળ બનાવી ખાવાથી લાભ થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ઈટાલીના રોમમાં એક માણસને ઈન્કમટેક્સ ભરવાનો હતો. અતિ વ્યસ્તતાને લીધે નિયત સમયે તેઓ આ કર ભરી ન શક્યા. આ બાબતે ત્યાંની સરકારના નિયમ મુજબ એમને ન્યાયાધીશ સમક્ષ હાજર થવું પડ્યું. ન્યાયાધીશે કર ભરવાનું ચૂકી જવાનું કારણ પૂછ્યું ત્યારે પેલા માણસે જવાબમાં કહ્યું, 'સાહેબ,હું એક શિક્ષક છું, મારી અતિ વ્યસ્તતાને લીધે કર ભરવાનો મને સમય ન મળ્યો.'

ન્યાયાધીશે કહ્યું, 'કોર્ટમાં એક શિક્ષક ઉપસ્થિત છે.' કોર્ટમાં હાજર હર એક જણ ઊભાં થઈ ગયા. ન્યાયાધીશે તરત તેમનો કર અને દંડ રદ્દ કર્યો.

આવા દેશોની સફળતાનું રહસ્ય સૌની જાણકારી માટે, અને સર્વ શિક્ષણગણ ને સન્માનપૂર્વક સમર્પિત.

આપ સૌની જાણકારી માટે :

- અમેરિકામાં બે જ પ્રકારના લોકોને વીઆઈપીનો દરજ્જો મળે છે : એક વૈજ્ઞાનિક અને બીજા શિક્ષકો.
- ફ્રાન્સના ન્યાયાલયમાં ઉપસ્થિત લોકોમાંથી ફક્ત શિક્ષકો જ ખુરશી પર બેસવાનો અધિકાર પામે છે.
- જાપાનમાં કોઈ શિક્ષકને પકડવા માટે પોલીસે સરકાર પાસેથી પરવાનગી લેવી પડે છે.
- કોરિયામાં શિક્ષકને બધા જ અધિકારો પ્રાપ્ત છે, જે ભારતમાં ધારાસભ્યો અને સાંસદોને મળે છે.
- કારણ કે તેઓ બાળકોને ભણાવવાનું કામ કરે છે, જે કાચી માટીમાંથી ઘડો બનાવવા જેટલું કપરું કામ છે.

# સમજણપૂર્વક છૂટછાટનો ઉપયોગ કરીએ

**તંત્રીસ્થાનેથી...**

કેન્દ્ર સરકાર પણ સળંગ બે મહિના જેટલા સમયથી ઘરમાં પુરાઈ રહેલ નાગરિકોને કોરોના સંક્રમણથી સાવચેત કરવાની ભલામણ સાથે છૂટછાટો આપવા માટે મજબૂર થઈ છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ તો લોકડાઉન દરમિયાન કાબૂમાં આવેલ સંક્રમણમાં એ ખોલ્યા પછી ઉછાળો આવવાની દહેશત વ્યક્ત કરી જ હતી, પરંતુ ભારત જેવા દેશની મોટા ભાગની વસતિને લાંબો વખત ઘરમાં રહેવું પોસાય જ નહીં - એટલી સમજ વડાપ્રધાનથી લઈ દરેક રાજયના મુખ્યમંત્રી ધરાવે છે. એથી ગૃહખાતાની નિર્દેશિકાને નહીં અવગણવાની તાકીદ સાથે કેન્દ્ર સરકારે રાજયોને પોતપોતાની અનુકૂળતા મુજબ લોકડાઉનમાં છૂટછાટો આપવાના અને કલર કોડ નક્કી કરવાના અધિકારો આપ્યા છે. ગુજરાતમાં કોરોનાનો જુલમ પીક પર પહોંચી રહ્યો છે. તમામ જિલ્લાઓમાં કોરોના પ્રવેશી ચૂકેલ છે. વળી તજજ્ઞોએ પણ હવે કોરોનાને પૂર્ણપણે નાબૂદ કરવાની આશા જ નહીં રાખવી - એવો સૂર વ્યક્ત કરી લોકો સાચવીને કામધંધે વળે એવી લાગણી રજૂ કરી છે. સરકાર સમજી ગઈ છે કે હવે પ્રજાને વધુ લાંબો વખત ઘરમાં પૂરી રાખવાથી ભારે અંધાધૂંધી સરજાઈ શકે છે. લોકડાઉન-૪ પછી વધુ એક લોકડાઉન જાહેર કરાય તો લોકો ધરાર બળવો જ કરી બેસે એવી દહેશત છે. આ 'માસ-સાયકૉલોજી' પણ સરકાર સમજતી જ હોય. એટલે સંક્રમણ રોજેરોજ વધતું જાય છે અને સાજા થતા દરદીઓની સાથે જ મરનાર દરદીઓની સંખ્યા પણ વધતી જાય છે છતાં લોકડાઉનમાં ધાર્યા કરતા વધુ છૂટછાટો આપવાની સરકારે હિંમત બતાવી છે. કન્ટેઈનમેન્ટ અને નોન કન્ટેઈનમેન્ટ વિસ્તારો નક્કી કરવાનો ભાર જે - તે વિસ્તારના સનદી હાકેમો પર છોડી મુખ્યમંત્રીને રાજયના ૨૦૦ તાલુકાઓમાં સ્ટેટ ટ્રાંસપોર્ટની બસો દોડાવવાની જાહેરાત કરી છે. ફક્ત અમદાવાદમાં જ એસ.ટી. બસો નહીં પ્રવેશે, એ સિવાય આખા રાજયમાં સરકારી પરિવહન ઉપરાંત કૅબ, ટૅક્સી, પ્રાઈવેટ વાહન અને રિક્ષાઓને છૂટ આપી દેવાઈ છે. એક રીતે આ રાહતની બાબત છે તો બીજી તરફ એથી થોડુંઘણું નિયંત્રણમાં આવેલું સંક્રમણ ફરી ઉછાળો પણ મારે અને વળી પાછું સરકારે કડકાઈવાળું વલણ અપનાવવું પડે એમ પણ બની શકે. ઉદ્યોગ ધંધા ઉપરાંત નાના કારીગરો અને દુકાનદારો તથા સૌથી વધુ તલપ પોષતા પાન બીડીના ગલ્લા ખોલવાની છૂટ મળી છે. વાળંદની સલૂનો ચાલુ થઈ જશે, બ્યુટી પાર્લરો ખૂલશે. ૫૦ની મર્યાદામાં માણસોની હાજરી સાથે લગ્ન સમારંભ થઈ શકશે પણ સામાજિક, રાજકીય કે ધાર્મિક કાર્યક્રમો નહીં યોજાય. મંદિરો, મસ્જિદો અને ગુરુદ્વારા સહિતના ધાર્મિક સ્થળો પર પ્રતિબંધો યથાવત જ રહેશે. આ બધું સરકારે નાછૂટકે રોકી રાખવું પડી રહ્યું છે નહીંતર લોકો તો ટોળે વળીને મંદિરોમાં અત્યાર લગી અળખામણા કરાયેલાં દેવીદેવતાના શરણે જ દોડી પડે. કથાઓ ચાલુ થઈ જાય. ૩૧ મે પછી પણ સરકાર હવાઈ પ્રવાસ કે ટ્રેનો ચાલુ કરશે કે કેમ તે શંકા છે. વળી ઉદ્યોગધંધા ૩૩ ટકા કારીગરો સાથે ચાલુ કરવાની છૂટ મળી હોવા છતાં મજૂરો ક્યાંથી મેળવવા તે પ્રશ્ન રહેશે. પરપ્રાંતીય શ્રમિકો તો વતન જવા માટે હવે ખૂંખાર બની રહ્યા છે. અંધાધૂંધી ભર્યા વાતાવરણમાં નાગરિક ધર્મ સમજી બધા સંયમિત વ્યવહાર કરે એવી અપેક્ષા સરકારને છે.

# બધાંને પોતપોતાની અગ્રતા મુજબ જરૂરિયાત હોય છે



## નવાં કલેવર

નટવર હેડાઉ

લોકડાઉનમાં શાકભાજી અને ફળફળાદીનું વેચાણ ચાલુ થતાં સમુ આજ ખુશ હતી. રત્નાગીરી હાફૂલ, લંગડો, કેશર, જમાદાર અને તેની સાથે દેશી આંભાની કેરીઓના તે ચાર ટોપલા ભરી લાવી હતી. કેરીની સિઝનમાં આજ પ્રથમવાર આટલી બધી કેરીઓ ખરીદી લાવી વેચવાનું સાહસ તેણે કર્યું હતું. નહીંતર મોટા ભાગે તે એક ટોપલામાં કેરીઓ લઈ આવતી અને બપોર સુધીમાં વેચીને ઘરભેગી થઈ જતી.

સૂરજ ધીમે ધીમે પશ્ચિમ તરફ ઢળી રહ્યો હતો. આજ તે ખુબ ખુશ હતી. ઘણી બધી જાતની કેરીઓ તેને ખુબ જ વ્યાજબી ભાવે મુખ્ય માર્કેટમાંથી મળી હતી. તેમાંથી મોટા ભાગની વેચાઈ ગઈ હતી. તેણે ટોપલા સામે જોયું લગભગ બે કીલો કેરીઓ વધી છે. તેણે મનમાં વિચાર્યું સવારે ઘેરથી નીકળતા, સોનુ અને મોનુ તેની દીકરી ઝમકુની બે દીકરીઓ છે. તેની સ્કૂલો હમણાં બંધ હોવાથી નાની ને ઘેર રહેવા આવી ગઈ છે. એક ચાર વર્ષની છે ને બીજી છ વર્ષની છે. તે ઉદાસ થઈ ગઈ છે. કરે પણ શું ? દીકરીઓ સાસરેથી કયારેક જ આવી શકે છે. કદાચ તેની દીકરીઓને લેવા તે હવે એક બે દિવસમાં આવશે. સાંભળવા મળ્યું છે કે વાહન વ્યવહાર પણ હવે ચાલુ થઈ જવાનો છે.

ઝમકુના પિતાના કેન્સરથી મૃત્યુ પછી ઘરની બધી જવાબદારી હવે તેના માથે જ છે.

'આજ હુ હવે આ કેરીઓન નહીં વેચું.' તે મનમાં બબડી. પૈસાની તંગી તેને રોજ બધાં ફળફળાદી વેચવા મજબુર કરે છે. પણ આજ નહીં. તેણે ખાલી ટોપલી એક તરફ મૂક્યા અને કેરીઓવાળો ટોપલો સરખો કરતી હતી ત્યાં ફૂટપાથની સામે એક લાંબી મોટી સફેદ કાર આવીને ઊભી રહી. ફૂટપાથ પર ફળફળાદી તો તે ઘણા સમયથી વેચે છે. પણ આવી કાર તેણે જોઈ ન હતી.

'દાદા મેંગો.... વી વોન્ટ મેંગો' પાછળની સીટમાં બેઠેલી બે બાળકીઓ જે બિલકુલ સોનુ અને મોનુ જેવી જ હતી.

વ્યક્તિ કારમાંથી નીચે ઉતર્યો. તેણે કેરિઓ જોઈ. 'ઓહ ! ગુડ ક્વોલિટી' તેણે પર્સમાંથી સો રૂપિયાની નોટ કાઢી.

'લ્યો, બસો રુપિયા રાખો, બધી કેરીઓ આપી દો.' તેણે કહ્યું.

તેને સંકોચ થયો. તેણે વિચાર્યું કે કેરીઓની કુલ કિંમત કદાચ સાઈઠ રુપિયા થાય. આ તો બસો રુપિયા આપી રહ્યા છે. તે વિચારમાં પડી ગઈ.

'શું વિચારે ઓછે. બસો રુપિયા બહુ કહેવાય.' એટલું કહેતાં તેણે ટોપલીમાં બસો રૂપિયા મુકી દીધા.

કેરીઓ વેચનારીના ચહેરા પર ચિંતાનો ભાવ આવ્યો અને પળભરમાં જતો પણ રહ્યો.

'તો, લઈ લો સાહેબ તમારા નસીબમાં હશે.' તેણે કહ્યું. તે વિચાર કરતી હતી કે બસો રુપિયા કંઈ ઓછા ન કહેવાય. સોનુ અને મોનુને તો કેરીઓ કાલે ખવડાવીશ. હજી તે રોકાવાની જ છે ને ! દીકરી સાસરેથી આવશે તો તેને પણ સાડી લઈ આપીશ. તે હસી પડી. બધાંને પોતપોતાની અગ્રતા મુજબ જરૂરિયાત હોય છે.

તેણે ટોપલો માથે મૂક્યો અને ઊભી થઈ. આજ તે ખુબ ખુશ હતી.

# પિતા-પુત્રના સંબંધની એક કાયમી વિડંબણા

માનવીય સંબંધો ખૂબ જ અટપટા છે. અનેક પ્રકારના માનવીય સંબંધોમાં ખાસ કરીને કૌટુંબિક સંબંધો એ ખૂબ જ નજીકના સંબંધો ગણાય છે. એ સંબંધોમાં પતિ-પત્નિ, માં-બાપ-દીકરો-દીકરી, ભાઈ-બહેન જેવા સંબંધો વધારે નજીકના ગણાય છે. દરેક સંબંધોનું એક નિશ્ચિત છતાં સમય પ્રમાણે બદલાતું એક રસાયણ હોય છે. એ રસાયણના કેટલાક મિશ્રણો એટલા અટપટા છે કે ભલભલા સામાજિક અને સંબંધોના વૈજ્ઞાનિકો તેને સમજવામાં થાપ ખાઈ જતાં હોય છે. આવો જ એક સંબંધ છે પિતા-પુત્રનો.

ખ્યાતનામ અભિનેત્રી સીમી ગરેવાલએ પોતાના એક ટીવી કાર્યક્રમ "Rendezvous with Simi Garewal" માટે ઘણી બધી ખ્યાતનામ વ્યક્તિઓના ઈન્ટરવ્યુ કર્યા છે. સીમી ગરેવાલની ઈન્ટરવ્યુ લેવાની ખૂબી એ છે કે તે ખૂબ જ સહજ રીતે ઈનતેરવ્યું આપનારની દુઃખતી નસ ઉપર હાથ મૂકીને તેની અંદર જે ભર્યું હોય, જે ક્યારેય બહાર ના નિકળ્યું હોય એ બહાર આધાવી શકે છે.

આવો જ એક ઈન્ટરવ્યુ સીમી ગરેવાલે ઓગસ્ટ ૨૦૧૬માં મેલબોર્ન ખાતે ઘણા પ્રેક્ષકોની ઉપસ્થિતિમાં એક વિખ્યાત અભિનેતા અને તેની અભિનેત્રી પત્નીનો એકસાથે લીધો હતો. એ ઈન્ટરવ્યૂમાં એ પતિ-પત્નીના સંબંધો વિષે બંન્નેએ ખુલીને વાતો કરી હતી. સાથેસાથે એ ઈન્ટરવ્યુમાં એ અભિનેતાને તેના પુત્ર સાથેના સંબંધો અને વ્યવહારો વિષે પણ કેટલાક પ્રશ્નો પૂછ્યા હતા જેના ઉત્તર પતિ-પત્નિ બંનેએ ખુલ્લા મને આપ્યા હતાં.

પિતા પુત્રના સંબંધો વિષે પૂછાયેલા એક પ્રશ્નના પ્રતિભાવરૂપે પત્નીએ કહ્યું કે 'મોટા ભાગે પુત્ર પોતાની સાથે જ વાત કરે અને પિતાને કઈ કહેવું હોય તો એ મારા મારફત જ વાત કરે. ક્યારેક દીકરો પિતા સાથે સીધી વાત કરે તો પણ તેના પિતાની આંખ સાથે આંખ મિલાવીને ક્યારેય વાત ના કરી શકે. પુત્ર નીચું જોઈને જ તેના પિતા સાથે વાત કરે . હા, દીકરો પિતાને એક પિતા તરીકે સંપૂર્ણ માન-સન્માન આપે અને પિતા પણ પોતાના પુત્રને એટલું જ સન્માન અને પ્રેમ આપે.'

સીમી ગરેવાલે અભિનેતાને તેના પુત્રની ફિલ્મો વિશે પૂછ્યું કે "તમે તમારા પુત્રની ફિલ્મોની અને તેના અભિનયની પ્રશંસા કરી પ્રોત્સાહન આપો છો? (એ અભિનેતાનો પુત્ર પણ ખ્યાતનામ અભિનેતા છે) એ પ્રશ્નના ઉત્તરમાં અભિનેતાએ સાહજિકતાથી અને પ્રમાણિકપણે કહ્યું કે પોતે પુત્રની ફિલ્મો જોવાનું ઘણા સમયથી છોડી દીધું છે એટલે પ્રશંસા કે ટીકા કરવાનો સવાલ જ ઊભો થતો નથી. પુત્રની ફિલ્મો ન જોવા પાછળનું કારણ દર્શાવતા કહ્યું કે, શરૂઆતમાં તેની કેટલીક ફિલ્મો જોવાનું બન્યું ત્યારે પોતે પ્રેક્ષક બનવાને બદલે વધારે વિવેચક બની જતા હતા અને તેનું મન ભૂલો કાઢવામાં જ લાગી જતું. આ કારણથી તેને પુત્રની ફિલ્મો જોવાનું બંધ કર્યું. પુત્રને જે પ્રકારની ફિલ્મો કરવી હોય તેને છૂટો દોર આપી દીધો. અલબત્ત, તેમણે કબૂલ્યું કે તેનો પુત્ર જે પ્રકારની 'ઓફ બીટ' ફિલ્મો કરે છે તેનાથી પોતે જરા પણ ખુશ નથી. આમ છતાં તેને પોતાની કારકિર્દી માટે પૂરી સ્વતંત્રતા છે.

પિતા-પુત્રના સંબંધો વિશે એક પ્રશ્નના ઉત્તરમાં પત્નીએ એક પ્રસંગ વિષે વાત કરી. પત્નીએ કહ્યું કે એક વખત થોડા દિવસો માટે પોતે બહારગામ હતી અને પિતા પુત્ર ઘેર એકલા હતા. પોતે રોજ પુત્ર સાથે ફોન ઉપર વાતચીત કરતી અને હાલ ચાલ પૂછતી. "ત્યાં શું ચાલે છે?" એવું પૂછતી ત્યારે પુત્ર એક જ જવાબ આપતો ×બસ ચાલે છે મમ્મી, પપ્પા સાથે ડિનર ચાલે છે અને આમતેમ બધુ સરસ ચાલે છે.× પત્ની થોડા દિવસો પછી ઘેર પરત આવી ત્યારે દીકરાએ પોતાના પિતા સાથે વિતાવેલા સમય વિષે સાહજિક રીતે એટલું જ કહ્યું કે 'અમારી વચ્ચે, અમારી સાથે કેટલીક ચૂપકીદીની ક્ષણો જ હતી.' (We had few quite moments.) મતલબ, બંન્ને વચ્ચે ક્યારેય ખાસ વાત જ ન થઈ.

અભિનેતાએ ખૂબ જ ભાવુક થઈને વ્યક્ત કર્યું કે બાપ-દીકરા બંને વચ્ચે પ્રેમ છે, લાગણી છે પણ બંને વચ્ચે કાચની એક અદ્રશ્ય દીવાલ ઊભી થઈ ગઈ છે. બાપ દીકરો બંને એકબીજાંની સામસામે હોય, એકબીજાની નજીક હોય ત્યારે કાચની એ દીવાલની આરપાર એકબીજાને જોઈ શકે છે પણ એકબીજાને અનુભવી શકતા નથી. (We cannot feel each other)



## આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

અભિનેતાએ પોતાની નબળાઈ સ્વીકારતા કહ્યું કે "કદાચ, મારી પાસે દીકરા સાથે વાતચીત કરવાની કુશળતા નથી. હું વધુમાં વધુ તેના અભ્યાસ વિષે તેની સાથે વાતચીત કરી શકતો એ પણ ડાઈનિંગ ટેબલ ઉપર. તેના સ્ટડીરૂમમાં જઈને તેની પીઠ ઉપર ધબ્બો મારીને તેના મિત્રો વિષે કે તેમની ગર્લફ્રેન્ડ વિષે એક મિત્રની જેમ ક્યારેય વાતચીત કરી શકતો નથી. અમારા બંને વચ્ચે બાપ-દીકરાનો સંબંધ છે એ તો છે જ. હંમેશા બાપ દીકરા જેટલું અંતર રહ્યું. અમે બાપદીકરો જ બનીને રહી ગયા પણ ક્યારેય મિત્રો ન બની શક્યા."

અભિનેતાની પત્નીએ તેની વાતને સમર્થન આપતાં કહ્યું કે તેનો પતિ વાતો કરવામાં કુશળ છે. તે ખૂબ વાતો કરે, હસી-મજાક કરે, ક્યારેક બાળક જેવા તોફાન પણ કરે, પણ પોતાના બાળકોની હાજરી હોય એટલે બિલકુલ ચૂપ અને મૂંગામંતર.

અભિનેતાના પોતાના બાળકો સાથેના અને ખાસ કરીને પુત્ર સાથેના સંબંધોનું વિશ્લેષણ કરતાં તેમણે પોતે જ એવું તારણ કાઢ્યું કે પોતાના પુત્ર સાથેના આ પ્રકારનો તેનો વ્યવહાર કુદરતી છે, સ્વભાવગત છે, વરસાગત છે, રૂઢીગત છે. એ પ્રકારના વ્યવહાર વિષે પોતા ક્યારેય ખાસ વિચાર્યું નથી. પિતા-પુત્રના જે કઈ વ્યવહારો થાય છે એ એકદમ સ્વાભાવિક છે.

(ક્રમશઃ)

# કોરોના સંકટ માટે રાહત પેકેજ : આમ નાગરિક યથાવત્ !!

કોરોનાનો કહેર પૂરા વિશ્વ અને દેશમાં હજી શમ્યો નથી અને લોકડાઉન પાર્ટ-૪ શરૂ પણ થયો છે. તે સમય દરમિયાન વડાપ્રધાન મોદીજીએ બહુ મોટા આર્થિક પૅકેજની જાહેરાત કરી જેમાં નવા પિલર્સ - નવી નીતિ, આત્મનિર્ભર ભારતની વાત કરી જેના ઉપર અર્થતંત્ર વેગવંતુ થશે તે પ્રકારની ઘોષણા બાદ નાણાપ્રધાન નિર્મલાજી એ તારીખ ૧૩ મેથી શરૂ ખરી તા. ૧૭ મે, ૨૦૨૦ સુધી બધા ક્ષેત્રોને આવરી લઈ કુલ પાંચ દિવસ ટીવી ઉપર વિગતો પ્રસિદ્ધ કરી વીસ લાખ કરોડને કયાં ક્ષેત્રમાં કઈ રીતે રાહત તરીકે વપરાશે તે અંગે ધ્યાનપૂર્વક સાંભળતાં - સાંભળતા કદાચ બજેટની વાતો કે રુપરેખાની વાતોની રજૂઆત થઈ રહી હોય તેવું વધું લાગ્યું ! સૌ પ્રથમ તો વિશ્વના અન્ય રાષ્ટ્રોની તુલનામાં ભારતે પણ તેના કુલ જીડીપીના અંદાજે ૯.૨૮ ટકા જેટલું પૅકેજ પ્રજા માટે બહાર પાડ્યું એ માટે ખુબ ખુબ અભિનંદન. બજેટ અને રાહત પૅકેજ વચ્ચે ઘણો તફાવત હોય છે કેમ કે આ સમયે દેશ પચાસ દિવસથી નિષ્ક્રિય - ઠપ્પ પડ્યો છે લોકો ઘરમાં પુરાઈ ને જીવ બચાવવાની ચિંતામાં જીવે છે. તેથી ધંધા-રોજગાર - વગેરે બંધ હોવાથી આવક નથી આવી હાલતમાં અર્થતંત્રમાં બધા પરેશાન છે કેમ કે ખર્ચા ઘટી ગયા પણ બંધ થયા નથી! એકનો ખર્ચ બીજાની આવક બને છે આ એક સરળ નિયમ છે. હવે જે જાહેરાતો થઈ તેમાં કૃષિ, આનુસંગિક પ્રવૃત્તિ, એમ.એસ.એસ.ઈ. એકમો, પશુપાલન, મધ ઉત્પાદન, મત્સ્ય ઉદ્યોગ, એવિયેશન, વિજ ઉત્પાદન, માળકીય સુવિધા, કૃષિ તથા અન્ય માટે, ખાણ-ખનિજ, અને ડિફેન્સ માટેનાં સાધનોના ઉત્પાદન વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે !

સવાલ જે સો ટચના સોના જેવો હતો એ ભૂલાઈ ગયો હોય તેવું લાગી રહ્યું છે કારણ કે આ બધા પગલાઓમાં લોન ઘટક મુખ્ય છે. લોકોની ખરીદશક્તિ શૂન્ય થઈ ગઈ હોય ત્યારે તેઓની અપેક્ષા નાણા ખાતામાં રોકડા પ્રાપ્ત થાય તેવી વધુ હતી. પરંતુ આ બાબતે કેટલીક રકમ ડાયરેક્ટ ખાતામાં જમા થશે. જનધન ખાતામાં નાની સહાય થઈ છે પરંતુ જરા વિચારો કે જયારે ધંધો પ્રવૃત્તિ કે વ્યવસાય જ બંધ હોય ત્યારે લાખો લોકોને જીવન માટે માત્ર લિમિટેડ રાશનથી બધું થઈ જતું નથી. લાઈટ બીલ, ઘર ખર્ચ, દવાઓ વગેરે માટે નક્કર રાહતની જરૂર હતી. કૃષિ ઉત્પાદનો હાલમાં બગડી રહ્યા છે. અથવા બજારમાં તદન નીચા ભાવ જોવા મળે છે. ઉપરાંત ખરીફ સિઝન હવે વાવેતર માટે દૂર નથી ત્યારે આ કૃષિકારો ખુબ અપેક્ષા રાખીને બેઠા હતા. દેવા માફીની જાહેરાતો અને મોટા લોકોની અપ્રમાણિકતાથઈ જ બેન્કો સક્ષમ રહી નથી. પ્રજાને ભૂતકાળમાં કેશ ડોલ્સ આપવામાં આવેલા છે. રાહત પૅકેજની રકમ હજારો - કરોડોમા સાંભળવામાં પણ મતિ ભ્રમ થયો !

કેટલાક મુદ્દાઓ ઉપર ચર્ચા કરવા જેવી છે જેમ કે

(૧) દેશનું આર્થિક બજેટ ફેબ્રુઆરી ૨૦૨૦માં રજૂ થયું હતું તેમાં તમામ સેકટર માટે નાના ફાળવવામાં આવ્યા હતા. અને માર્ચ,૨૦૨૦માં કોરોના વાઈરસ આવ્યો તથા ૨૨મી માર્ચથી લોકડાઉન નાખવામાં આવ્યું તો પ્રશ્ન એ છે કે હવે આટલી જંગી રકમના રાહત પૅકેજમાં ફરીથી બધા જ સૅકટરની વાતો થઈ રહી છે. ત્યારે સરકાર માટે બજેટ પૈકી શું સ્થિતિ અને હવે કેટલી જરૂરિયાત - આ આંગે કશી ખબર પડતી નથી અથવા કદાચ રાહત પૅકેજ જેવું પણ ના ભાગે જો તુલનાત્મક આંકડાઓ શોધવામાં આવે.

(૨) કૃષિ તથા ગ્રામ્ય રોજગાર તથા ઢાંચાના વિકાસ માટે નાબાર્ડ ઘણા સહાયતા કરે જ છે પણ વાસ્તવિક સ્થિતિ કંઈક જુદી જ હોય છે.મનરેગામાં ૧૮૨ થી ૨૦૨ રુપિયા ચૂકવવાની જાહેરાત થઈ પરંતુ આ યોજનામાં સદાચારની ખુબ જ કમી પ્રવર્તે છે ! એક બાજુ એફડીઆઈને માટે અગાઉ દરવાજા ખોલવામાં આવ્યા જ છે તો હવે મહાત્મા ગાંધીના આત્મનિર્ભર ભારતના સૂર્યનો અચાનક ઉદય કઈ રીતે થયો અને એ પણ આ પ્રકારના કપડા સમયે જયારે લોકો પ્રવાહિતા ઝંખે છે.

(૩) પ્રવાસી કામદારો માટે



## જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

પણ મોટી રકમ ફાળવવામાં આવી છે. ત્યારે આજે પણ હજારો મજદૂરો ટ્રેન, બસ કે ચાલીને પરેશાન થઈ પોતાના વતનમાં જઈ રહ્યા છે. ગુજરાતમાંથી મહત્તમ ટ્રેનો દોડાવવામાં ઓઆવી પરંતુ આ સ્થિતિ શ્રમિકોની કદીકોઈ એ જોઈ નથી વન નેશન-વન રેશન કાર્ડની નીતિ ઉમદા છે પણ તેઓ પાસે રોકડ નથી, કશું જ નથી અને કોરોના લાવશે તેવો ભય થી ઉત્તરપ્રદેશમાં તેની એન્ટ્રી નથી કેટલી ખરાબ હાલત ?!

(૪) અર્થતંત્રમાં નવો સંચાર થાય તે માટે રાહત પૅકેજ હોય છે. પણ લોનની વાતો વિશેષ છે. અને લઘુ ઉદ્યોગો - નાના ઉદ્યોગો કદાચ ચાલુ કરવામાં આવે તો શ્રમિકો લગભગ જતા રહ્યા છે. લોન અંતે જવાબદારી છે જેમાં કોઈ કોલેકટર સિક્યુરિટી આપવાની નથી અને ગેરન્ટી સરકાર આપશે તો ભાવિ એનપીએ વધુ પ્રમાણમાં ઊભું થસે. ઉત્પાદક જે કંઈ કરશે પણ બજારમાં હાલ માંગ નથી અને આ પૅકેજમાં તત્કાલ માંગ વધે તેવું કશું જ નથી.

(૫) આપણી પાસે જમીન અને શ્રમ છે પણ મૂડીની કમી છે. ઉપરાંત પ્રામાણિકતા નથી એટલે આપણે દુઃખી થતા રહીએ છીએ. હાલ તો ગરીબો, શ્રમિકો, કૃષિકારોને કંઈક સત્વરે મળે તો ખુબ જ ઉમદા ગણાશે, રાહત પૅકેજના મૂળભૂત હેતુ સાથે આત્મનિર્ભર ભારત એટલે મેક ઈન ઈન્ડિયાને આગળ વધવાની નેમ લાગે છે. સરકારશ્રીને હવે અમલીકરણમાં ખૂબ ધ્યાન આપવું પડશે.

**શેર આસ્વાદ :**
**મને તો થાય છે કે સ્વીકારી લઈએ હાર**
**પરંતુ મારી મા એ ખાધેલી સવા શેર સૂંઠનું શું ?**
**- રમેશ પારેખ**